# સુરત મહાનગરપાલિકા
## નવું વહીવટી ભવન

**આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૪ (૧) ખ ના કલોઝ ૧ થી ૧૭ મુજબ જાહેર કરવાજોગ વિગતો.**

**કલમ ૪ (૧) (ખ) (૧)**

**નવું વહીવટી ભવનના વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજોની વિગતઃ–**

- **સુરત મહાનગરપાલિકા તેમજ રાજય / કેન્દ્ર સરકારશ્રીની કચેરીઓનો સમાવેશ કરીય':ઘ૨' મુખ્ય વહીવટી ભવન બનાવવાનું કામઃ–**

સમયની સાથે સાથે સુરત શહેરની વધતી જતી વસ્તી તથા વિસ્તારને અનુરૂપ વહીવટીપાંખ તેમજ ચૂંટાયેલીપાંખ સંખ્યામાં વધારો થયો જેને સમાવવા મુગલીસરા ખાતાનું મુખ્ય વહીવટી ભવન અપર્યાપ્ત બનતા અનેક મહત્વના વિભાગો જેમ કે પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, સ્લમ અપગ્રેડેશન, બીઆરટીએસ સેલ, ટ્રાફિક સેલ વિગેરે અન્ય સ્થળે ખસેડવું અનિવાર્ય થયેલ. તદુપરાંત, હાલનું મુખ્ય વહીવટી ભવન શહેરની મધ્યમાં સેન્ટ્રલઝોનના ગીચ વિસ્તારમાં આવેલ હોઈ, સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીગણ તેમજ ચૂંટાયેલીપાંખના પદાધિકારીશ્રીઓ/સભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવતા શહેરીજનો તથા અન્ય વિવિધ કાર્યો સંબંધિત આવતા મુલાકાતીઓ તમામ એક જ સ્થળ પર આવતાં જતાં આ વિસ્તારની ટ્રાફિકની સમસ્યામાં અકલ્પનીય વધારો થયેલ જોવા મળે છે. વહીવટી સરળતા ખાતર શહેરીજનો–મુલાકાત લેનાર વ્યકિતઓને તમામ પ્રકારની અદ્યતન સુવિધા વિના વિલંબે આપી શકાય તેવા શુભ હેતુસર સુરત મહાનગરપાલિકાનું હાલનું મુખ્ય વહીવટી ભવન અન્ય સ્થળે ખસેડવાની તાતી જરૂરીયાત ઉભી થયેલ. સુરત મહાનગરપાલિકાના મુખ્ય વહિવટી ભવનના નિર્માણ બાબતે મા.પ્રધાનમંત્રીશ્રી સમક્ષ તા.૦૪/૧૦/૨૦૨૧નાં રોજ ગાંધીનગર ખાતે કરવામાં આવેલ વિડિયો કોન્ફરન્સમાં થયેલ સુચન મુજબ સુરત મહાનગરપાલિકાનાં સાઉથ (ઉધના) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા–ખટોદરા), ફા. પ્લોટ નં. ૨૩૪, ૨૩૫ વાળી જગ્યા પર સુરત મહાનગરપાલિકા તેમજ રાજય / કેન્દ્ર સરકારશ્રીની કચેરીઓનો સમાવેશ કરી કુલ ૧૦૭.૬ મી. ઉંચાઇ ધરાવતાIconic મુખ્ય વહીવટી ભવન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.હાલમાં સ્થળ પર કામગીરી પ્રગતિ હેઠળ છે.

- **કેન્દ્ર સરકાર, રાજય સરકાર,સુરત મહાનગરપાલિકા વચ્ચે સંકલનની કામગીરી.**

**<u>વ્યવસ્થાતંત્ર : નવા વહીવટી ભવન પ્રોજેકટનું હાલનું વ્યવસ્થાતંત્ર નીચે મુજબ છે.</u>**

